# ચેતવણી સાથે સલાહ

**અનધિકૃત ખાનગી સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી ગેરકાયદેસર અને કાલ્પનિક લોન સેટલમેન્ટ/કાઉન્સેલિંગ સેવાઓથી સાવધ રહો.**

પ્રિય ગ્રાહકો,

અમારા ધ્યાન પર આવ્યું છે કે કેટલીક બિન-માન્યતા પ્રાપ્ત, અનધિકૃત ખાનગી સંસ્થાઓ ('એન્ટિટી') (i) સોશિયલ મીડિયા પરની જાહેરાતો, ખાસ કરીને ફેસબુક અને ટ્વિટર પર, (ii) પોતાની વેબસાઈટ પર પ્રકાશિત કરીને અને તેને સર્ચ એન્જિન (ઉદા.: ગૂગલ વગેરે) દ્વારા સુલભ બનાવીને (iii) તેમની વેબસાઇટ, સોશિયલ મીડિયા પર પ્રતિષ્ઠિત નાણાકીય સંસ્થાઓના બ્રાન્ડ લોગો અને ટ્રેડમાર્કનો દુરૂપયોગ/અનધિકૃત પ્રકાશન કરીને; (iv) વેબસાઈટ પર નકલી પ્રતિસાદ પ્રકાશિત કરીને અને નિર્દોષ ગ્રાહકોને તેમની ગેરકાનૂની લોન કાઉન્સેલિંગ સેવાઓનો લાભ લેવા માટે લલચાવીને, નાણાકીય સંસ્થાઓ સાથે તેમની લોનની રકમ એડવાન્સ/અપફ્રન્ટ ફીના બદલામાં સેટલમેન્ટ કરવાની ખોટી ખાતરી સાથે શંકાસ્પદ ગ્રાહકોને લક્ષ્ય બનાવી રહી છે.

અમે અમારા ગ્રાહકો અને સામાન્ય જનતાને ચેતવણી આપીએ છીએ કે જેઓ ડિફૉલ્ટિંગ ગ્રાહકો અથવા તેમની લોનની ચૂકવણીમાંથી ડિફૉલ્ટ થવાનો ઇરાદો ધરાવતા હોય તેવા ગ્રાહકોને તેમની કાલ્પનિક લોન સેટલમેન્ટ સેવાઓ/ઉકેલો દ્વારા લક્ષ્ય બનાવે છે એવી કોઈપણ અનધિકૃત, બિન-માન્યતા પાપ્ત સંસ્થાઓ સાથે કામ કરશો નહીં, આર્ણ કે આ પ્રક્રિયા ગ્રાહકો ('પીડિતો') માટે નાણાકીય નુકસાનનું કારણ બને છે.

આ સંસ્થાઓની મોડસ ઓપરેન્ડી નીચે મુજબ છે:

1. આવા પીડિતોને મદદ કરવાના બહાને, આ સંસ્થાઓ તેમની લોનની રકમનું સેટલમેન્ટ કરવામાં સહાયતા કરવા માટે તેઓ પોતાને ગ્રાહકો અને બેંક અથવા NBFC ("ધિરાણકર્તા") વચ્ચે મધ્યસ્થી તરીકે જાહેર કરે છે. આવી સંસ્થાઓ નીચે મુજબની ખોટી ખાતરીઓ આપે છે જેમ કે:

(i) તેમની વિશેષ કાનૂની સત્તાઓનો ઉપયોગ કરીને અપવાદરૂપે ઓછી રકમ સાથે લોનનું સેટલમેન્ટ કરવું;

(ii) કાનૂની સહાયનો ઉપયોગ કરીને ગ્રાહકની ગીરો મૂકેલી મિલકતો બચાવી લેવી; અને

(iii) બ્લેકલિસ્ટેડ કંપનીના ઉચ્ચ લેણાંને નોંધપાત્ર રીતે ઓછી રકમમાં સેટલમેન્ટ કરવું.

2. તેઓ પીડિતોને તેમની સાથે કરાર/દસ્તાવેજીકરણ કરવા અને પીડિતો વતી કામગીરી કરવા માટે અધિકૃતતા પત્ર મેળવવાની જરૂર છે એવું કહીને પત્ર મેળવે છે.

૩. તેઓ નિર્દોષ ગ્રાહકોને આ રીતે છેતરે છે:

(a) તેમને ઓછામાં ઓછા 2 મહિના કે તેથી વધુ સમય માટે ગ્રાહકને પોતાની EMI ચૂકવણી કરવાનું બંધ કરવા માટે તૈયાર કરે છે અને તેના બદલે આ રકમ તેમના નકલી લોન સેટલમેન્ટના ઉકેલના ભાગ રૂપે, આવી એન્ટિટીના વિશિષ્ટ "સેટલમેન્ટ" બેંક ખાતામાં રકમ જમા કરાવવા માટે કહે છે;

(b) તેઓ એવું વચન આપે છે કે આ એન્ટિટીઓ તેમની કુશળતા સાથે, અવિશ્વસનીય ઓછી રકમમાં ગ્રાહકની લોનનું સેટલમેન્ટ કરશે;

(c) આવી વર્તણૂકથી ગ્રાહકોના CIBIL રેકોર્ડ્સ પર અસર નહીં થાય તેવી ખાતરી આપીને, તેઓ તેમની EMI ની ચુકવણીમાં વિલંબ કરાવે છે અથવા ઓછા EMI ચૂકવવાનું કહે છે;

(d) તેમની વ્યૂહરચનાના એક ભાગ રૂપે, તેઓ ધિરાણકર્તા તરફથી કાયદા/નિયમોના ભંગના આરોપના ખોટા આરોપો સાથે નોટિસો જારી કરે છે; અને

(e) તેઓ પીડિતોને જો ધિરાણકર્તા તરફથી કોઈ કોલ આવે તો તેમના આ ઇનકમિંગ ફોન કોલ્સ ડાયવર્ટ કરવા પણ કહે છે અને આવા કોલ પર તેઓ ધિરાણકર્તા સાથે અપમાનજનક વર્તણૂક કરે છે, જે ધિરાણકર્તા દ્વારા ચલાવી લેવામાં આવે નહીં.

અમે તમને એ વાત ધ્યાનમાં રાખવા માટે વિનંતી કરીએ છીએ કે, આવી સંસ્થાઓ સાથે ગ્રાહકની સંલગ્નતાને ધ્યાનમાં લીધા વિના, ગ્રાહકના બેંક ખાતામાં પૂરતું ભંડોળ ન રાખવાથી ગ્રાહક દ્વારા ધિરાણકર્તાને ચૂકવણી કરવાની સૂચનાઓનો અનાદર થશે, જેના કારણે:

(a) બેંક તેના માટે દંડ/ફી વસૂલ કરશે અને જ્યારે પણ ખાતામાં ક્રેડિટ બેલેન્સ હશે ત્યારે ગ્રાહકના બેંક ખાતામાંથી આ રકમ ડેબિટ કરશે. બેંક દ્વારા આવા ચાર્જીસની વસૂલાત એક જ મહિનામાં અથવા સંચિત રૂપે અમુક મહિનાઓમાં અથવા કોઈપણ એક મહિનામાં થઈ શકે છે અને

(b) ધિરાણકર્તા EMI ની ચુકવણી ન કરવા બદલ પેનલ્ટી ચાર્જ પણ વસૂલ કરશે, જેને ગ્રાહકે ચૂકવવાનું રહેશે.

પરિણામે, ગ્રાહક પર EMI ની રકમથી વધુ રકમ અને વધારાની રકમની ચુકવણી કરવાનો બોજ પડશે. તે જ રીતે, આવી બિન-ચુકવણી એ ગ્રાહકના ક્રેડિટ રેકોર્ડના CIBIL રેટિંગ પર પણ નકારાત્મક અસર કરશે.

ઉપરાંત, ધિરાણકર્તા લોનનું સેટલમેન્ટ/કાઉન્સેલિંગ કરતી આવી સંસ્થાઓને જાણતા નથી કારણ કે ગ્રાહક દ્વારા સ્વીકારવામાં આવેલી લોન વ્યવસ્થાના નિયમો અને શરતોની વિરુદ્ધ ગ્રાહક તેની લોન સોંપી શકતો નથી.

ગ્રાહક દ્વારા ચૂકવવાપાત્ર લોનની રકમનો વધતો જતો બોજ અને ગ્રાહકના ક્રેડિટ રેટિંગ પર તેની પ્રતિકૂળ અસર થતી હોવા છતાં, આવી સંસ્થાઓ ગ્રાહકોને કોઈપણ સેવાઓ પ્રદાન કરતી નથી, કારણ કે આવી સેવાઓ ન તો કાયદા હેઠળ માન્ય રાખવામા આવે છે અને ન તો તેઓને ધિરાણકર્તાઓ દ્વારા આવી કોઈ કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. આવી સંસ્થાઓ માત્ર નિર્દોષ પીડિતોની મહેનતથી કમાયેલા નાણાંનો દુરુપયોગ કરવા સિવાય, કોઈપણ સેવાઓ પ્રદાન કરતી નથી.
અમે અમારા ગ્રાહકોને તેમની વેબસાઈટ પરથી અને વિવિધ ઈલેક્ટ્રોનિક/સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરની નકલી/ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરતી આવી ગેરકાયદેસર અને કપટી સંસ્થાઓથી સાવચેત રહેવા માટે વિનંતી કરીએ છીએ, કારણ કે કોઈપણ અનધિકૃત/ગેરકાયદેસર રીતે લોન સેટલમેન્ટથી ક્રેડિટ રેકોર્ડ પર નકારાત્મક નોંધપાત્ર જોખમો આવે છે અને અમારી નમ્ર વિનંતી છે કે કોઈપણ વ્યક્તિએ આવા ખોટા બાંયધરી/દાવાઓનો ભોગ ન બનવા જોઈએ.

**સતર્ક રહો, સુરક્ષિત રહો.**

Bajaj Finance Limited (બજાજ ફાઇનાન્સ લિમિટેડ) દ્વારા જાહેર જાગૃતિ માટે સલાહ.